## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ચિંતા ના કરો... આમને આમ હમણાં લાભ પાંચમ આવી જ જશે ત્યારે દાઢી કરાવીને દુકાનનું મુહૂર્ત કરજો...!!

# ગાંધીનગરમાં આંટાફેરા મારતા ૬૭ નાગરિકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

એક બાજુ કોરોના કહેર મચાવી રહ્યો છે ત્યારે બીજીતરફ લોકાડાઉન વચ્ચે પણ નાગરીકો કામ વિના બહાર નીકળવાનું છોડતા નથી. શહેરમાં બિન જરુરી ફરતા નાગરીકો હજુ પણ દ્રશ્યમાન થાય છે. ત્યારે ગાંધીનગર શહેરી-ગ્રામીણ વિસ્તારમાં આંટાફેરા મારતા ૬૭ નાગરીકો પોલીસના હાથે પકડાઈ જતા પોલીસે જાહેરનામાં ભંગની ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં મોટા ચિલોડા સપ્તરૂષી સોસાયટીમાં રહેતા તુષાર નરોત્તમભાઈ પ્રજાપતિ ઘરે ગુટખાનો વેપાર કરતા ઝડપાઈ ગયો હતો.જયારે પેથાપુર સાગર ટ્રેડર્સ નામની દુકાનમાં ગોળી,બિસ્કીટ, સાબુ જેવી વસ્તુઓની આડમાં તમાકુનુ વેચાણ કરતો હરેશકુમાર જયંતિલાલ ઠક્કર પકડાયા હતા. જયારે પોલીસે માલ આપી જનાર દિવ્યાંગ ખુશાલભાઈ ઠક્કર સામે ગુનો નોંધ્યો હતો. રાંધેજા ખાતે મુસાફરો ભરીને નીકળેલા રીક્ષા ચાલક શૈલેષભાઈ કાંતિભાઈ દંતાણી સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. જયારે પોલીસે મહુધરાથી ૩, આલમપુરથી૪, સાદરાથી ૧, મગોડીથી૩, રાયસણ ગામથી ૫, પેથાપુરથી ૪, સેકટર-૨૬ થી ૧, સે-૨૩ થી ૨, સે-૨૧ થી ૧, ચ-૫ સર્કલનજીકથી ૪, સે-૨૪ થી ૧, સે-૭ થી ૩, સે-૨ થી ૧, સે-૪ થી ૬,સે-૧૩ થી ૧, ગ-૩ થી પાસેથી ૨, વાવોલથી ૨, સરગાસણથી ૧ મળી કુલ ૪૫ નાગરીકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે બીજીતરફ જીવન જરુરીયાતની શાકભાજી ના વેચાણમાં માસ્ક ન પહેરી અને સોશિયલ ડિસ્ટન્સ ન જાળવતા કુલ ૧૮ લારીવાળા સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. જેમાં આલમપુરની ભાગોળમાં શૈલેષ જુહાભાઈ દંતાણી, સે-૨૪ સંજય ગોવિંદ દંતાણી, વિનોદ સોમા દંતાણી, ભરત છગુ દંતાણી, પ્રવિણ શંકર પ્રજાપતિ, સે-૨૩ ભરત નટવર પટ્ટણી, શીતલ ચકાભાઈ દંતાણી, લીલાબેન બળદેવ દંતાણી, છ-૫ સર્કલ પાસે વિશાલ દશરથ દંતાણી, સે-૨૦-૨૧ચોકડી પાસે સુનિલ લાભુ દંતાણી, સે-૨૧માં કનુ આત્મારામ દંતાણી,સંગીતા જયંતિ દંતાણી, પ્રકાશ દિલિપ પટ્ટણી, સંજય અશોક દંતાણી, અશોક બચુ દંતાણી તેમજ વાવોલમાં કેશાભાઈ ડાહ્યાભાઈ, રમેશભાઈ જાદવ, વિજય રમેશ દંતાણી સામે પોલીસે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાલજ પાસેથી ૧૦ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧

પાલજ રામપુરા જોગણી માતાના મંદિર પાસે જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૩૬,૨૬૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે પાલજ રામપુરા જોગણી માતાના મંદિર પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગાર રમી રહેલા પ્રાંતિયા ગામના હિરેન અરવિંદ પટેલ, વૈભવ પ્રવિણ ભાઈ પટેલ, રાજેશ રસિકભાઈ પટેલ, સાહિલ રમેશભાઈ પટેલ, ચિંતન હસમુખભાઈ પ્રજાપતિ, ગફુલજી ગાંડાજી ઠાકોર, કલ્પેશ રોહિત ભાઈ પટેલ, કૌશિક મનુભાઈ પટેલ, અલ્પેશ ભવાનજી સોલંકી, જૈમીન ઘનશ્યામભાઈ પટેલનો સમાવેશ થાય છે. લોકડાઉન વચ્ચે જુગાર રમતા આ શખ્સો પાસેથી પોલીસે રૂ.૩૬,૨૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા અને જાહેરનામા ભંગની ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



કોરોનાનું સંક્રમણ સમગ્ર વિશ્વમાં ફેલાયેલું છે. વિશ્વના મોટાભાગના દેશમાં લૉકડાઉનની પરિસ્થિતિ છે. આ પરિસ્થિતિમાં ઓનલાઈન ચિત્ર સ્પર્ધાઓનું આયોજન ઠેર ઠેર થઈ રહ્યું છે. તાજેતરમાં ૨૬ દેશોના અઢીસોથી વધુ પ્રતિસ્પર્ધીઓ વચ્ચે યોજાયેલી ગ્લોબલ ચિત્ર સ્પર્ધામાં હાલ દુબઈ રહેતા ગાંધીનગરના વતની સુગય પ્રિયદર્શીએ ભાગ લીધો હતો. અઢીસો પ્રતિસ્પર્ધીઓમાં તેઓએ બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

### ગાંધીનગરની પાદરે આવેલ નિરમા યુનિવર્સિટીની

# વિદ્યાર્થિનીએ નકામી ચીજવસ્તુઓમાંથી બનાવી ફુલ બોડી સેનેટાઈઝિંગ ટનલ

ગાંધીનગર, તા.૧

કોરોનાએ ચારે તરફ કાળો કેર વર્તાવ્યો છે પરંતુ નાગરિકો પણ હિંમત હાર્યા વિના આ મહામારીનો મુકાબલો કરી રહ્યા છે. નિરમા યુનિવર્સિટીની ઈજનેરી અભ્યાસ કરનાર ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી આયુષી બાયોન્ડ નામની વિદ્યાર્થિની દ્વારા પોતાના ઘરની વેસ્ટમાં પડેલી ચીજવસ્તુઓ દ્વારા સેનેટાઈઝિંગ ટનલ બનાવી પોતાની સોસાયટીના પ્રવેશદ્વારે લગાવી છે જેથી સોસાયટીમાં પ્રવેશનાર કોઇ પણ નાગરિક સેનેટાઇઝ થઈને જ પ્રવેશ મેળવે.



આયુષી બાયોન્ડે 'વેસ્ટ માંથી બેસ્ટ'ના અભિગમ સાથે પોતાના ઘરના આરો સિસ્ટમની મોટર, વોટર પંપ તથા વોટર પાઈપ તેમજ બગીચાના સ્પિન્ક્લર્સ અને નકામાં પડેલા જૂના શેડના પાઈપ તથા સળિયાનો ઉપયોગ કરીને ફુલ બોડી સેનેટાઈઝિંગ ટનલ બનાવી છે. આ ટનલમાંથી પસાર થનાર પર સેનેટાઈઝરનો એવી રીતે છંટકાવ થાય છે જેના કારણે પસાર થનારા વ્યક્તિનું ફુલ બોડી સેનેટાઇઝ થઈ જાય છે. આ સેનેટાઈઝિંગ ચેનલ તેણે પોતાની સોસાયટી રત્નમ એપાર્ટમેન્ટ-૧ના પ્રવેશદ્વારે લગાડી છે. સોસાયટી પ્રત્યેના તેના આ અભિગમને અને તેની આવડતને સોસાયટીના રહીશો બિરદાવી રહ્યા છે.

# ચંદ્રાલા પાસેથી પીકઅપ ડાલામાંથી ૨૭૭૦ કિલો સોપારીનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર ચંદ્રાલા ગામ નજીક આગમન હોટલ પાસે ચિલોડા પોલીસે ૨૭૭૦ કિલો સોપારીનો જથ્થો જીપ ડાલામાંથી પકડી પાડી બે ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસના જવાનોને ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેંકીગ કરી રહ્યા હતા. તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે બોલેરો જીપ કંપનીનું ડાલુ નં.જી.જે.૦૯.એ.યુ.-૩૭૮૧ માં સોપારીનો જથ્થો ભરીને વેચાણ માટે પ્રાંતિજ હિંમતનગર તરફ જઈ રહ્યા છે. જેથી વાહન ચેંકીગ દરમિયાન બાતમીવાળુ ડાલુ દેખાતા તેને રોકીને તેમાં બેઠેલા બે શખ્સોને નામ પુછતા તેણે સંજયસિંહ કાળુસિંહ ચૌહાણ (રહે.બાલીસણા, તા.પ્રાંતિજ)અને બાજુમાં બેઠેલ ઝહીર જૈનુલઆબેદીન આકોદરાવાલા (રહે.મ.નં.૧.ખ્વાજા ગરીબ નવાજ સોસાયટી પ્રાંતિજ)જણાવ્યું હતું. પોલીસે ડાલામાં રહેલી તાડપત્રી નીચે તપાસ કરતા ૪૨ કોથળામાંથી સોપારીનો જથ્થો મળી આવ્યો હતો. હાલમાં પ્રતિબાંધિત સોપારીની હેરાફેરી અંગે પુછપરછ કરતા તેઓ યોગ્ય જવાબ આપી શક્યા ન હતા. પોલીસે સોપારીના ૪૨ કોથળાનું વજન કરાવતા ૨૭૭૦ કિલો ગ્રામ થયુ હતું. એક કિલો સોપારીના રૂ.૨૦૦ લેખે કુલ ૨૭૭૦ કિલો ગ્રામના રૂ.૫,૫૪,૦૦૦ તેમજ રૂ.૨ લાખનું જીપ ડાલુ ગણીને પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટરોના કન્ટેન્મેન્ટ ઝોનમાં દૂધના વાહનોની અવરજવરમાં હાલાકી

**સેકટરોમાં ઘર આંગણે જ નાગરિકોને ચીજવસ્તુઓ મળી રહે તેવા આશયથી દૂધનો સપ્લાય સેકટરોના સ્થાનિક શોપિંગમાં સરળતાથી થાય તેવી વ્યવસ્થા અનિવાર્ય**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં કોરોનાના કેસની સંખ્યા વધતા સેકટરોમાં પોલીસે નાકાબંધી કરી નાગરિકોના પ્રવેશ પર મનાઈ ફરમાવી છે. અલબત્ત કંટેન્મેન્ટ ઝોનમાં પોલીસે બેરિકેટસ ગોઠવી પહેરો લગાવી દીધો છે. નગરના સે-૭, સે-૩ સે-૨ સે-૮ માં કંન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરી દેવાતા સેકટરોમાં સ્થાનિક નાગરિકોની અવરજવર પર રોક લગાવી દેવામાં આવી છે. જયારે અત્યંત જરૂરી કામકાજ માટે જ નાગરિકોને જવા દેવામાં આવે છે. બીજીતરફ કન્ટેન્મેન્ટ ઝોનમાં દુધના સપ્લાય માટે પણ હાલાકી વેઠવી પડે છે. હાલ ક માર્ગ પર સ્થિત ડેરીમાંથી દુધ આવે છે.

જયારે દુધ વાપરનારાઓની સહકારી મંડળીઓ દ્વારા વિવિધ કેન્દ્રો પર દુધનુ વિતરણ કરવામાં આવે છે. આવા સંજોગોમાં સેકટરોમાં પોલીસે બેરિકેટસ પણ આડશ બનેલા છે. ત્યારે દુધના સપ્લાય માટે વાહનોની અવરજવરમાં તકલીફ પડી રહી છે. સેકટરોમાં પ્રવેશ લેતી વેળાએ દુધની ટ્રક સહીતના વાહનોને હાલાકી વેઠવી પડે છે. જેના લીધે નાગરિકો સુધી દુધ પહોંચાડવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. જેને ધ્યાને લઈને વ્યવસ્થા ગોઠવાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. શહેરના સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરોમાંથી જ નાગરિકો મોટાભાગ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની ખરીદી કરે છે. ત્યારે નાગરિકોને જરૂરી વસ્તુઓ માટે સેકટર બહાર જવાનુ આમ પણ પસંદ નથી ત્યારે લોકડાઉનની સ્થિતિમાં ઘર આંગણે જ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે નડતર રૂપ પરિબળો દુર કરવા તેમજ યોગ્ય વ્યવસ્થા અનો આયોજન જળવાઈ રહે તે મુજબ મોનિટરીંગ થાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.



લૉકડાઉનમાં પણ અમુક એવા કર્મીઓ છે જેઓ સતત પોતાની ફરજ બજાવી રહ્યા છે. સફાઈ કર્મીઓની સેવા પણ અવિરત રહી છે. ગાંધીનગરની ક્રિએટીવ કલબના પ્રમુખ મુકેશ પટેલ, મહામંત્રી મુકેશ મારૂ, અશ્વિન સુહાન તેમજ દિપસિંહ ઝાલાએ શહેરના સફાઈકર્મીઓનું સન્માન કર્યુ હતું. તેઓને કરિયાણું આપવામાં આવ્યું હતું.

## ઉનાવા બોરકુવાની ઓરડીમાં જુગાર રમતા ૮ ઝડપાયા

ઉનાવા ગામે ખેતરમાં આવેલી બોરકુવાની ઓરડીમાં જુગાર રમતા ૮ જુગારી પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે રોકડ રૂપીયા, મોબાઈલ, કાર, બાઈક સહિત મળીને કુલ ૪.૮૪ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉનાવા ગામની સીમમાં ખેતરમાં બોરકુવાની ઓરડીમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેડ પાડીને જુગાર રમી રહેલા ગીરીશ નારાણભાઈ પટેલ, રમેશ પ્રવિણભાઈ પટેલ, પ્રકાશભાઈ ઘનશ્યામભાઈ પટેલ, સુમિત કુમાર ઘનશ્યામભાઈ પટેલ, નિરવ બાબુભાઈ પટેલ, વરુણ ઘનશ્યામભાઈ પટેલ, ભાવિન મનુભાઈ પટેલ, રોકન પટેલનો સમાવેશ થાય છે. પોલીસે રોકડ રૂ.૪૪,૮૧૦, રૂ.૭૫ હજારના ૮ મોબાઈલ, જી.જે. ૧૮. બીએફ-૭૭૩૨, નંબરની સ્વીફટ કાર, જયુપીટર નં. જી.જે.૧૮.સી. એસ.-૨૯૨૦, જી.જે.૧૮.એ.ડી. ૯૯૦૬, જી.જે.૦૧. એસ. પી.-૮૫૯૧ નંબરના બે બાઈક મળી રૂ.૪,૮૪,૮૧૦નો મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસે જુગારીઓ સામે જુગાર ધારા અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોરોના વાયરસ પ્રતિકારની અગમચેતી માટે થર્મલ સ્કેનીંગનું કાર્ય હાથ ધરાયું

સાદરામાં સર્વોદય પરિવાર ટ્રસ્ટ દ્વારા દરરોજ ૩૫૦૦ ફૂડપેકેટ બનાવવાની કામગીરી પુરઝડપે ચાલી રહી છે. ફૂડપેકેટ બનાવનાર કામદારો કોરોના વાયરસના સંક્રમિત છે કે નહિ તે માટે કોરોના વાયરસને હરાવવા માટે અગમચેતીના ભાગરૂપે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવા દ્વારા થર્મલ સ્કેનીંગ કરવામાં આવ્યું અને ભારત સરકારના નિયમોનુંપાલન કરી દરેક કામદારોએ માસ્ક પહેરી સામાજિક દૂરી જાળવી આ અન્નદાનનું સામાજિક કાર્ય કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યુ.

# આજોલના એક ખેતરમાં દિપડો દેખાયો, વનતંત્રે ડ્રોન ઉડાડ્યું, પાંજરુ મુકયુ

ગાંધીનગર તા ૧

ગાંધીનગર નજીકના કોલવડા ગામની આર્યુવેદિક કોલેજના કેમ્પસમાંથી દિપડાને ગત મહીને પાંજરામાં કેદ કરાયા બાદ હજુ પણ દિપડો ફરતો હોવાની ફરિયાદો પણ સ્થાનિકોમાં ઉઠવા પામી હતી. વન તંત્રને તપાસના અંતે કાંઈ હાથ લાગ્યુ ન હતી. આજે માણસા તાલુકાના આજોલ ગામમાં ખેતરમાં દિપડો ફરતો હોવાની વાત સામે આવતા વનતંત્રએ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી દિપડાને પકડવા માટે પાંજરુ પણ મુક્યુ હતુ. જયારે ખેતર વિસ્તારમાં ડ્રોન ઉડાડીને દિપડાને ટ્રેક કરવા પ્રયાસો કરયા હતા.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષથી દિપડાનો આતંક વધી ગયો છે. છાશવારે દિપડો દેખાદેતા સ્થાનિક ગ્રામજનો પણ ભયમાં જીવી રહ્યા છે. ગાંધીનગર નજીકના નદી કીનારાના ગામો તેમજ જંગલ વિસ્તાર દિપડા માટે ફેવરીટ સ્પોટ બનતો જાય છે. ગત મહીના દરમિયાન કોલવડા ગામમાંથી દિપડાને પાંજરામાં કેદ કરવામાં આવ્યો હતો. જયારે પાંજરે પુરાયેલા દિપડા બાદ પણ હજુ આ વિસ્તારમાં અન્ય દિપડો હોવાની વાત પણ સામે આવતા વનતંત્ર દ્વારા પાંજરુ મુકીને સર્ચિંગ ઓપરેશન હાથ ધરાયુ હતુ. પરંતુ હજુ સુધી દિપડો તંત્રના હાથમાં લાગ્યો નથી. બીજીતરફ આજે આજોલમાં દિપડાએ દેખા દીધી હોવાની હકીકત સામે આવતા સ્થાનિકોમાં ભય પ્રવર્તયો છે. જેને અનુલક્ષીને વનતંત્રએ આ વિસ્તારમાં સર્ચિંગ હાથ ધર્યુ હતુ. આજોલના ખેતરમાં દિપડો આંટા મારતો હોવાનુ ધ્યાને આવતા વન વિભાગના અધિકારીઓએ સ્થળ પર પહોંચી તપાસ કરી હતી. વિસ્તારમાં પાંજરાને કેદ કરવા માટે પાંજરુ પણ મુકી દેવાયુ છે. માણસા તાલુકાના લાદ્રા જતા સધી માતાના મંદિર તરફના માર્ગ પર સ્થિતિ સતીશભાઈ સીતારામ પટેલના ખેતરમાં દિપડો જોવા મળ્યો હતો. દિપડાના પગમાર્ક પણ જોવા મળ્યા હતા.

